# Visit of NSA to Moscow (07-09 February 2023)

February 09, 2023

# રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની મોસ્કો મુલાકાત (07-09 ફેબ્રુઆરી 2023)

09 ફેબ્રુઆરી, 2023

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) શ્રી અજીત ડોભાલે 07-09 ફેબ્રુઆરી 2023 દરમિયાન મોસ્કોની મુલાકાત લીધી. તેમણે 08 ફેબ્રુઆરી 2023ના રોજ અફઘાનિસ્તાન પર સુરક્ષા પરિષદો/રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોના સચિવોની 5મી બહુપક્ષીય બેઠકમાં ભાગ લીધો. આ બેઠકમાં યજમાન દેશ ઉપરાંત, ભારત, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, ચીન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાને ભાગ લીધો હતો. બેઠકમાં ચર્ચાના મુદ્દાઓમાં અફઘાનિસ્તાન સામેની સુરક્ષા અને માનવતાવાદી પડકારોનો સમાવેશ કરાયો હતો.

તેમની ટિપ્પણીમાં NSA એ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે અફઘાનિસ્તાનનો વિસ્તાર પ્રાદેશિક અથવા વૈશ્વિક સ્તરે કટ્ટરપંથી અને આતંકવાદનો સ્ત્રોત ન બને, તેમજ UNSCR 1267 હેઠળ નિયુક્ત કરાયેલા સંગઠનો સહિત આતંકવાદી સંગઠનો સાથે વ્યવહાર કરવા માટે ગુપ્ત માહિતી અને સુરક્ષા સહયોગને વધુ સઘન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે અફઘાન લોકોની સુખાકારી અને માનવતાવાદી જરૂરિયાતો એ ભારતની મુખ્ય પ્રાથમિકતા છે.

NSA શ્રી અજીત ડોભાલે રશિયન રાષ્ટ્રપતિ મહામહિમ વ્લાદિમીર પુતિન સાથે પણ મુલાકાત કરી અને દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી. ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીના અમલીકરણ તરફ કામ ચાલુ રાખવા માટે સંમત થયા હતા.

09 ફેબ્રુઆરી 2023ના રોજ NSA શ્રી અજિત ડોભાલે રશિયન સુરક્ષા પરિષદના સચિવ મહામહિમ નિકોલાઈ પાત્રુશેવ સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો અને દ્વિપક્ષીય સંબંધો, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે રશિયાના નાયબ વડાપ્રધાન અને વેપાર અને ઉદ્યોગમંત્રી મહામહિમ ડેનિસ માન્તુરોવ સાથે પણ મુલાકાત કરી અને દ્વિપક્ષીય સંરક્ષણ અને આર્થિક સહયોગને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરી.

મોસ્કો
09 ફેબ્રુઆરી, 2023

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.